## સંક્ષિપ્ત સમાચાર

### શિનોરમાં શ્રી વિઠ્ઠલનાથજી મંદિરની ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા



**શિનોર :** વડોદરા જિલ્લાના શિનોર ખાતે આવેલા બુશા ફળિયા નર્મદા મંદિરે વર્ષો જૂના શ્રી વિઠ્ઠલનાથજી ભગવાનના મંદિરનો જીર્ણોદ્ધાર પૂર્ણ થતાં નવનિર્મિત મંદિરમાં ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસીય ધાર્મિક મહોત્સવમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા.વડોદરા જિલ્લાના શિનોરના બુશા ફળિયા વિસ્તારમાં આવેલું શ્રી વિઠ્ઠલનાથજી ભગવાનનું વર્ષો જૂનું મંદિર સમય જતાં જર્જરિત બન્યું હતું. જેના કારણે મંદિરનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર કરી તેને ભવ્ય અને આકર્ષક સ્વરૂપ આપવામાં આવ્યું છે. નવનિર્મિત મંદિરમાં વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે શ્રી વિઠ્ઠલનાથજી ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ ભક્તિમય વાતાવરણમાં સંપન્ન કરવામાં આવી હતી. મહોત્સવ દરમિયાન ભવ્ય શોભાયાત્રા, મહાઅભિષેક, પૂજન-અર્ચન, યજ્ઞ, પ્રાણ પ્રતિષ્ઠા વિધિ, મહાઆરતી અને પૂર્ણાહુતિ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ત્યારબાદ ઉપસ્થિત હજારો ભાવિકો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

### બોડેલીને ૯ નવી મિની એસટી બસોની ભેટ , ધારાસભ્ય અભેસિંહ તડવીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું



**બોડેલી :** ગુજરાત સરકારની ભગવાન બિરસા મુંડા જનજાતીય પરિવહન યોજના અંતર્ગત આદિજાતિ વિકાસ વિભાગ અને રાજ્યના વાહન વ્યવહાર વિભાગના સંયુક્ત પ્રયાસોથી છોટાઉદેપુર જિલ્લાને કુલ 17 નવી મિની એસટી બસો ફાળવવામાં આવી છે. જેમાંથી બોડેલી તાલુકાને 9 નવી મિની એસટી બસો મળતા અંતરિયાળ વિસ્તારોના વિદ્યાર્થીઓ અને મુસાફરોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. બોડેલી એસટી ડેપો ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સંખેડાના ધારાસભ્ય અભેસિંહભાઈ તડવીના હસ્તે નવી બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

### મુજપુરમાં રૂ. ૧.૭૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલી નવી શાળાનું લોકાર્પણ



**પાદરા :** પાદરા તાલુકાના મુજપુર ગામમાં અંદાજે રૂ. 1 કરોડ 75 લાખના ખર્ચે નિર્માણ પામેલી નવીન શાળા ઇમારતનું લોકાર્પણ ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના હસ્તે કરવામાં આવ્યું હતું. માત્ર 11 મહિનાના ટૂંકા ગાળામાં શાળા ભવનનું નિર્માણ પૂર્ણ થતાં ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી. લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારમાં ગુણવત્તાસભર શિક્ષણ માટે આધુનિક સુવિધાઓથી સજ્જ શાળા ભવનોનું નિર્માણ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. નવી શાળાથી મુજપુર તથા આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓને વધુ સારી શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ બનશે.

**કવાંટમાં બનેલી ઘટનાથી ગ્રામજનોમાં ભયનો માહોલ; પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી**

# દીપડોએ વૃદ્ધાને ઘસડી જઈ ફાડી ખાધી

**ઓરડી** પાસેથી ઘસડી જંગલમાં લઈ જઈ ચહેરા, ગળા અને છાતી પર જીવલેણ હુમલો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.25

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ વિસ્તારમાં એક અત્યંત આઘાતજનક ઘટના સામે આવી છે. કવાંટ તાલુકાના રાયસીંગપુરા ગામના ખાંટીયાબાર ફળિયામાં રહેતા એક ૭૦ વર્ષીય વૃદ્ધાને કોઈ દિપડા જેવા અજ્ઞાત જંગલી જાનવર ઓરડી નજીકથી ઘસડી જઈ, મોતને ઘાટ ઉતાર્યા હોવાની ઘટના પ્રકાશમાં આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે અને ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ, મૃતક વૃદ્ધાનું નામ રહલીબેન (ઉંમર આશરે ૭૦ વર્ષ) છે, જેઓ રાયસીંગપુરા ગામના ખાંટીયાબાર ફળિયામાં રહેતા હતા અને ઘરકામ કરતા હતા. ગઈકાલ રાત્રિના સમયે રહલીબેન ફળિયામાં આવેલી તેમની ઓરડી પાસે હતા, ત્યારે અચાનક કોઈ જંગલી જાનવર ત્યાં ધસી આવ્યું હતું. તે જાનવર વૃદ્ધાને ઓરડી પાસેથી ઘસડીને નજીક આવેલા જંગલમાં લઈ ગયું હતું. દિપડા જેવા જંગલી જાનવરે વૃદ્ધાના ચહેરા, છાતી અને ગળાના ભાગે નિર્દયતાપૂર્વક માસ ફાડી ખાધું હતું, જેના કારણે ગંભીર ઈજાઓ થતાં વૃદ્ધાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.



આ અંગે મૃતકના સંબંધી રામસીંગભાઈ બચુડીયાભાઈ નાયક (ઉંમર ૨૯ વર્ષ, ધંધો: ખેતમજૂરી) એ કવાંટ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર જાણ કરી છે. કવાંટ પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### નસવાડીના જીતપુરામાં ખેડૂત પર દીપડાનો હુમલો

(પ્રતિનિધિ) નસવાડી, તા.25

નસવાડી તાલુકામાં દીપડાઓ દિન પ્રતિ દિન ખોરાકની શોધમાં માનવ વસ્તી તરફ આવી રહ્યા છે નસવાડી તાલુકાના જીતપુરા ગામે રહેતા ચીમનભાઈ બચુભાઈ ભીલ સવારના સમયે પશુઓને ચરાવવા માટેનો ઘાસચારો લેવા માટે ગામની નજીકમાં ખેતર તરફ જઈ રહ્યા હતા તે વખતે અચાનક દીપડો આવી જઈને તેઓના ઉપર હુમલો કરતા તેઓએ હિંમત દેખાવીને દીપડાનો સામનો કરતા તેઓને નાની મોટી ઈજાઓ થઈ હતી જેને



લઈને ગ્રામજનોએ તાત્કાલિક વન વિભાગના અધિકારીઓને જાણ કરી હતી જ્યારે વન વિભાગની ટીમો જીતપુરા ગામે પહોંચીને વન્ય પ્રાણીના પગમાં પંજાના નિશાન ના ફોટા પાડીને આગળની કાર્યવાહી હાથધરી હતી જ્યારે વન વિભાગના અધિકારીઓએ ગ્રામજનોને રાત્રિના સમયે ઘરની બહાર ના નીકળવા માટે સમજ આપી છે જ્યારે ખેડૂતો હાલ ભયભીત થઈ ગયા છે કારણ કે ખેતીની સીઝન ચાલી રહી છે ખેતરમાં નિંદામણ ખાતર નાખવાનો કામગીરી ચાલતી હોવાથી દરેક પરિવાર ના તમામ સભ્યો ખેતરમાં જોવા મળે છે જ્યારે આ દીપડો દેખાઈ દેતા ગ્રામજનોને ડર લાગી રહ્યો છે.

**ગત વર્ષના ૪૧૬ મિમી સામે અડધાથી પણ ઓછો વરસાદ**

## સાવલીમાં સૌથી ઓછા વરસાદથી ખેડૂતોમાં ચિંતા

(પ્રતિનિધિ) સાવલી, તા.25

સાવલી તાલુકામાં ચોમાસાની ઋતુમાં ચાલુ સાલે સૌથી ઓછો વરસાદ પડતા ખેડૂતો ચિંતાતુર થયા છે અત્યાર સુધી સિઝન નો 177 મિમી જ વરસાદ પડતા અન્ય તાલુકાઓની સરખામણી માં મેઘરાજા એ સાવલી હાથતાળી આપતા ભારે ચિંતા પ્રસરી છે ગત વર્ષે આજ તારીખ સુધીમાં 416 મીમી વરસાદ નોંધાયો હતો.

સમગ્ર રાજ્યમાં મેઘરાજાએ ભારે ધમાકેદાર બેટિંગ કરી છે અને સમગ્ર રાજ્યમાં પાણી પાણી કરી દીધું છે ત્યારે સાવલી તાલુકામાં સૌથી ઓછો વરસાદ પડ્યો છે તેના પગલે તાલુકાના ધરતીપુત્રો પણ ચિંતામાં મુકાઈ ગયા છે ચાલુ સાલે સિઝન નો અત્યાર સુધી કુલ 177 મી મી વરસાદ નોંધાયો છે ગઈકાલ સુધી 144 મીમી વરસાદ નોંધાયો હતો ત્યારબાદ ગત સવારના 8 વાગ્યા આજના 8 સુધી 26 મી મી વરસાદ પડ્યો છે જ્યારે આજે સવાર ના 8 થી બપોર ના 3 સુધી 7 મિમી પડતા કુલ 177 મીમી વરસાદ નોંધાયો હતો આમ ગયા વર્ષ કરતા અડધા થી ઓછો વરસાદ નોંધાયો છે આમ છેલ્લા 24 કલાક માં 26 મીમી જ વરસાદ પડ્યો છે.

### સુમીત ઈન્ડસ્ટ્રીઝે ૧૯૯.૭૫ કરોડનો રાઈટ્સ ઈશ્યુ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો

વડોદરા : સુમીત ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે 199.75 કરોડનો રાઈટ્સ ઈશ્યુ સફળતાપૂર્વક પૂર્ણ કરીને ઉત્પાદન ક્ષમતા વિસ્તરણ અને લાંબા ગાળાની વૃદ્ધિ માટે મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. કંપનીએ પ્રત્યેક 2 ફેસ વેલ્યુના 16.84 કરોડથી વધુ ઈક્વિટી શેર 11.86ના ઈશ્યૂ પ્રાઈઝે ફાળવી મૂડી એકત્ર કરી છે. રાઈટ્સ ઈશ્યુ હેઠળ હાલના શેરધારકોને દરેક 25 શેર સામે 8 રાઈટ્સ શેર ઓફર કરવામાં આવ્યા હતા.

ઈશ્યુ બાદ કંપનીની પેઈડ-અપ ઈક્વિટી કેપિટલ 105.27 કરોડથી વધીને 138.95 કરોડ થઈ છે. કંપની આ ભંડોળમાંથી 100 કરોડ કાર્યકારી મૂડી, 49.90 કરોડ નાકોડા સીપી પ્લાન્ટના સંચાલન, 23 કરોડ ઉધારની પૂર્વચુકવણી અને 22 કરોડ 6.5 મેગાવોટના કેપ્ટિવ સોલાર પાવર પ્લાન્ટ માટે ખર્ચ કરશે. સુમીત ઈન્ડસ્ટ્રીઝે સુરત સ્થિત નાકોડા લિમિટેડનો સીપી પ્લાન્ટ હસ્તગત કર્યો છે.

**વારંવાર સમારકામથી બ્રિજની ગુણવત્તા સામે સવાલ**

## ડભોઈ સરિતા ઓવર બ્રિજની મરામત કામગીરીને લઈ દસ દિવસ બ્રિજ બંધ

42 કરોડ ઉપરાંતના ખર્ચ તૈયાર થયેલા બ્રીજની ડિઝાઇન, બનાવટ ને લઈ અનેક ચર્ચાઓ ઊભી થઇ

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 25

ડભોઈ ની થરવાસા ચોકડી થી વેગા તરફે જતા સરિતાનગર સોસાયટી પાસે આવેલ રેલ્વે ઓવર બ્રિજ ના નવીન એક્સપાન્સન જોઈન્ટ બદલવા અને સમારકામ કરવાનું હોવાથી દસ દિવસ માટે બ્રિજ ની એક તરફી લાઈન બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. જેથી ટ્રાફિક નું ભારણ વધવા સાથે વાહન ચાલકો ને હાડમારી વેઠવાનો વારો આવશે.

રૂપિયા 42 કરોડ ઉપરાંત ના ખર્ચે બનેલ ડભોઈ સરિતા ઓવર બ્રિજ બન્યો ત્યાર થીજ છાશવારે સમારકામ માટે બંધ કરાતો હોય છે. જેથી બ્રિજ ની ડિઝાઈન, બનાવટ ને લઈ અનેક ચર્ચાઓ



ઊભી થવા પામી છે. સરિતા ઓવર બ્રિજ પર વારંવાર મોટા ખાડા પડવા, સળિયા ડોકાવા, સ્પામ છૂટા થઈ જવા આવી અનેક સમસ્યાઓ આવી ચૂકી છે. જેના કારણે બ્રિજ ને વારંવાર સમારકામ ની જરૂરત ઊભી થવા પામી છે. હાલ ફરી એક તરફી લાઈન ના બ્રિજ નું સમારકામ શરૂ કરાતા દસ દિવસ માટે બ્રિજ પરથી મોટા અને દ્વિચક્રી વાહનો ની અવર જવર સંપૂર્ણ રીતે બંધ કરાઈ છે.

ડભોઈ માર્ગ મકાન વિભાગ ના સુપર વિઝન હેઠળ બનેલ ઓવર બ્રિજ કરોડો ના ખર્ચ બાદ પણ વર્ષે વર્ષે સમારકામ માંગી રહ્યો છે.

## કવાંટ બસ સ્ટેન્ડથી છોટાઉદેપુર રોડ પર ખાડાઓનું સામ્રાજ્ય

(પ્રતિનિધિ) કવાંટ, તા. 25

કવાંટ નગરમાં પ્રવેશતા માર્ગ પર અસંખ્ય ખાડા વરસાદી અને ગટરના પાણીના ખાબોચિયા થી વાહન ચાલકો પરેશાન મુખ્ય માર્ગ પર ખાડા ઓને કારણે અકસ્માત નો ભય જોવા મળી રહ્યો છે.



ચોમાસુ ચાલુ થઈ ગયું છે ત્યારે છોટાઉદેપુર થી કવાંટ નો મુખ્ય માર્ગ જે બસ સ્ટેશન સુધીનો મુખ્ય માર્ગ ની હાલત કથડી જતા વાહન ચાલકો અને રાહતદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે માર્ગ પર અસંખ્ય ખાડાઓ પડી ગયા છે અને ગટરનું ગંદુ પાણી અને વરસાદી પાણી ભરાઈ જતા રસ્તા પરના ખાડા ક્યાં છે તે પણ સ્પષ્ટ દેખાતા નથી આ માર્ગ કવાંટ શહેરનું મુખ્ય પ્રવેશ માર્ગ હોવાથી દિવસ દરમિયાન સરકારી બસો અને બાઈક ચાલકો વાહન ચાલકો મોટી સંખ્યામાં અવર-જવર કરે છે આ રસ્તો હિન્દુ સમાજ મુસ્લિમ સમાજ વોરા સમાજ ના સ્મશાન જવા માટે પણ આ જ રસ્તો છે કેટલીક વાર તો સ્મશાન યાત્રા ને પન ગંદા પાણીમાંથી જવાનો પણ વારો આવી રહ્યો છે અને આ માર્ગ પરથી સ્કૂલે ભણતા વિદ્યાર્થીઓ પણ આજ માર્ગે જાય છે ત્યારે કેટલીક વાર કેટલાક વિદ્યાર્થીઓના યુનિફોર્મ કાદવ કીચડ વાળા થઈ જાય છે તો વહેલી તકે આ રોડનું સમારકામ કરવામાં આવે તેવી લોક ચર્ચા ચાલી રહી છે.

## પાવીજેતપુરમાં છ મહિનામાં જ તૂટ્યો નવો RCC રસ્તો




(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા. 25

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર ખાતેથી પસાર થતા નેશનલ હાઈવે નંબર ૫૬ પર આવેલા રેલવે ગરનાળાનો રસ્તો ભારે ચર્ચામાં આવ્યો છે. માત્ર છ મહિના અગાઉ જ લાખો રૂપિયાના ખર્ચે નવો બનાવવામાં આવેલો આરસીસી (RCC) રસ્તો અત્યારે તૂટી ગયો છે અને મોટા-મોટા ખાડા પડી ગયા છે. તંત્રની નબળી અને તકલાદી કામગીરીના કારણે વાહનચાલકો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. છોટાઉદેપુરને જોડતા નેશનલ હાઈવે નંબર ૫૬ પર પાવીજેતપુર રેલવે ગરનાળા પાસે થોડા સમય પહેલા જ વાહનવ્યવહારને સરળ બનાવવા માટે નવું આરસીસી લેયર બનાવવામાં આવ્યું હતું. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે માત્ર અડધી વસંત પણ ન વીતી ત્યાં આ નવો રસ્તો ઉખડી ગયો છે અને તેમાં મોટા ખાડા પડી ગયા છે. સ્થાનિકો અને વાહનચાલકો દ્વારા મળતી માહિતી મુજબ, તાજેતરમાં જ મુખ્યમંત્રી આવ્યા હોય ત્યારે તેમના આગમન અગાઉ માત્ર દેખાડા ખાતર આ ખાડાઓ પુરી દેવામાં આવ્યા હતા.

### સાવલીમાં કોંગ્રેસની ઉજવણી, ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ ફટાકડા ફોડી મીઠાઈ વહેંચી

**સાવલી :** દિલ્હીના જંતર મંતર મેદાનમાં વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગને પગલે આજ રોજ રાજીનામું આપતા સાવલીમાં કોંગ્રેસ કાર્યકરો દ્વારા ફટકડા ફોડી મીઠાઈ વહેંચી ઉજવણી કરવામાં આવી હતી. આજરોજ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ કોંગ્રેસ કાર્યકરોમાં ઉત્સાહ અને ખુશી જોવા મળી હતી સાવલી પોલીસ ચોકી નજીક કોંગ્રેસના કાર્યકરો એકત્ર થઇ ફટાકડા ફોડી અને ચોકલેટ વહેંચી ઉજવણી કરવામાં આવી હતી કાર્યકરોએ એકબીજાને અભિનંદન પાઠવી ખુશી વ્યક્ત કરી હતી સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ માહોલમાં યોજાયો હતો જ્યારે કોંગી અગ્રણી ઓ એ ફટાકડા ફોડી મીઠાઈ વહેંચતા રાહદારી ઓ માં ભારે કુતૂહલ ફેલાયું હતું.

**ખાતર મેળવવા વરસાદમાં કલાકો સુધી રાહ જોતા ખેડૂતો**

## નસવાડીમાં વરસાદ વચ્ચે ખાતર માટે ખેડૂતોની લાંબી કતારો

(પ્રતિનિધિ) નસવાડી, તા. 25

નસવાડી તાલુકામાં સતત વરસી રહેલા વરસાદ વચ્ચે ખેડૂતો ખાતર મેળવવા માટે લાઈનોમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. ખેતીની સિઝન શરૂ થતાં જ ખાતરની માંગ વધી જાય છે, પરંતુ ખાતર વિક્રેતાઓ પાસે પૂરતો જથ્થો ઉપલબ્ધ ન હોવાથી ખેડૂતોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. નસવાડી તાલુકાના 210 ગામોમાં સારા વરસાદને કારણે ખેડૂતોને ખાતરની તાતી જરૂરિયાત ઊભી થઈ છે, જેના પગલે તેઓ નસવાડીના ખાતર વિક્રેતાઓ પાસે લાંબી કતારો લગાવી રહ્યા છે નસવાડીના કવાંટ રોડ પર આવેલા એક ખાતર વિક્રેતાના ત્યાં ખાતર લેવા માટે આવેલા ખેડૂતો વરસાદમાં પણ



લાઈનમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. જગતના તાત ગણાતા ખેડૂતોને ખાતર મેળવવા માટે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હાલમાં ખેડૂતો વાવણી કરી ચૂક્યા હોવાથી તેમને ખાતરની અત્યંત જરૂરિયાત છે. આ પરિસ્થિતિમાં, સરકારે આદિવાસી તાલુકાઓ માટે ખાતરનો વધુ જથ્થો ફાળવવાની જરૂર છે. નસવાડી તાલુકામાં નાના ખેડૂતોની સંખ્યા વધુ છે, અને તેમને એક-બે થેલી ખાતર લેવા માટે આખો દિવસ બગાડવો પડે છે. તેઓ નસવાડી આવીને લાઈનોમાં ઉભા રહી, હજારો રૂપિયાનો ખર્ચ કરીને ભૂખ્યા પેટે રહે છે. વિવિધ ખાતર વિક્રેતાઓ પાસે જ ઈને ખાતરની માંગણી કરતા, વિક્રેતાઓ પાસે મર્યાદિત જથ્થો હોવાથી ખેડૂતો હેરાન-પરેશાન થઈ રહ્યા છે. ખેડૂતોની માંગ છે કે નસવાડી તાલુકામાં યુરિયા ખાતરનો પૂરતો જથ્થો તાત્કાલિક ધોરણે ફાળવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

ગુજરાતમિત્ર 31-05-2022 થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**નોકરી વિષયક**

**જોઈએ છે**
D.T.P કોમ્પ્યુટર ઓપરેટર ૧૦ થી ૧૫ વર્ષનો અનુભવ જરૂરી. મો. 8530550016

**સુરત રેસ્ટોરન્ટ**
માટે અનુભવી કારીગર જોઈએ છે કોલ 9898078652

**ખુશાલભાઈ જ્વેલર્સને**
જોઈએ છે સિનીયર એકાઉન્ટન્ટ. કોમ્પ્યુટર ઉપર ફાઈનલ એકાઉન્ટ સુધીનું સંપૂર્ણ જ્ઞાન જરૂરી. કોમર્સ ગ્રેજ્યુએટ હોવા સાથે મિનિમમ 2 વર્ષનો અનુભવ હોવો જરૂરી. લાયકાત ધરાવનાર ઉમેદવારને પગારનો કોઈ બાધ નથી. સવારે ૧૧ થી ૫ માં રૂબરૂ મળો. ખુશાલભાઈ જ્વેલર્સ, અંબિકાનિકેતન બસ સ્ટોપ સામે, પાર્લેપોઈન્ટ, સુરત. MO: 8160859341 (228)

**લગન વિષયક**

**પટેલ સિવિલ એન્જિનિયર**
58 વર્ષ 5’4” ડિવોર્સ્ડ 1 બાલક, વિધવા, ત્યક્તા આવકાર્ય 9099735794

**વ્યવસાયીક ધંધાકીય**

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**કંપનીની સાદી,**
એલ્યુમિનિયમની જમ્પર ગીયર ડિસ્કબ્રેકવાળી તેમજ બેટરીવાળી સાયકલો વ્યાજબીભાવે ખરીદો. ડીલર: સ્વામીનારાયણ સાયકલ, ઝુંડાશેરી, સગરામપુરા. 9974094855

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ. 1500/- આલીશાન, ભવાનીવડ, હરીપુરા, સુરત

**પ્લોટ ફાયદાથી વેચવાનો છે**
આત્મીયવિલા સોસાયટી, કામરેજ
Mo.9925024239

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**મિલ્કત વેચવાની છે**

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

**સરળ હપ્તેથી ન્યુ**
અલથાણમાં ફ્લેટના ભાવમાં બંગલા લાયક પ્લોટના માલિક બનો. લોન થશે. 8160763127 (226)

**મોજે મોરા ગામ**
વિજયા લક્ષ્મી વાટિકા સોસાયટી મા 03+02 પ્લોટ બાંધકામ સાથે વેચવાના છે, ગ્રાઉન્ડ +3 નું બાંધકામ 31+23 રૂમ સ્વતંત્ર ટોઈલેટ અને બાથરૂમ ની સુવિધા સાથે, આર સી સી રોડ, ગટ્ટર, અંડર ગ્રાઉન્ડ ઈલેક્ટ્રિક કનેક્શન, મીઠા પાણીની ટાંકી, લોઅનેબલ ટાઈટલ ક્લીઅર અને અદ્યતન સુવિધા સાથે. M. 9327615071 (227)

**જહાંગીરપુરા**
સંકલ્પ રો હાઉસમાં ઘર વેચવાનું. 9601662923

**ફ્લેટ ભાડે**
આપવાનો છે 3 BHK જહાંગીરાબાદ ડી.માર્ટની બાજુમાં રોડસાઈડ 9227500420

**વકીલ, CA,**
આર્કીટેક, ટ્રાવેલ્સ વગેરે લાયક ઓફિસ વેચવાની છે પાર્લે પોઈન્ટ મેઈન રોડ 9879276073

**મિલ્કત ભાડે -વેચાણ**

**પાલ અડાજણમાં**
રહેવા લાયક ફ્લેટ/ રોહાઉસ વ્યાજબી કિંમતે વેચાણ /ભાડે આપવાનું 8160763127 (225)

**મહિધરપુરા,**
હરિપુરા, રામપુરામાં ફ્લેટ, પ્લોટ, મકાન લે- વેચ ભાડે માટે મળો. 9879276073

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**મહાદેવ ટુર એન્ડ**
ટ્રાવેલ્સ. (ભીમાશંકર, ત્ર્યંબકેશ્વર, ધૃષ્ણેશ્વર) (અષ્ટવિનાયક સાથે દગડુ શેઠ ગણપતિ) (શ્રાવણમાં 12 મહાદેવ) (સાપુતારા) અજય 7802062340 (229)

**પાલમાં ઓફીસ તથા દુકાન વેચાણથી આપવાની છે.**
380ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, પહેલા માળે, ગેલેક્ષી સર્કલ પાસે
460ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, ગ્રાઉન્ડ ફ્લોર, નિસલ સર્કલ પાસે
9712979399

**ક્ષેત્રપાળ ટૂર્સ.**
(ઓગસ્ટ, સપ્ટેમ્બર અને દિવાળી વેકેશન પ્રવાસો) (ભુતાન 07 રાત્રી 08 દિવસ. જતા-આવતા ફ્લાઈટ 09-09) (પાંચ જ્યોતિર્લિંગ, અષ્ટવિનાયક 15-08, 31-08) (કલકતા, ગંગાસાગર, જગન્નાથપુરી 05-09, 12-11) (હૈદરાબાદ, મલ્લિકાર્જુન, મદુરાઈ, રામેશ્વર, તિરૂપતિ 14-08) (હૈદરાબાદ રામોજી, શ્રીશૈલમ 15-08, 13-09, 14-11) (નેપાળ, પોખરા, કાઠમંડુ, મુક્તિનાથ 06-09, 13-11) (વારાણસી, બૌધગયા, બૈજનાથ, ઝારખંડ 27-09) (સ્પેશિયલ કેરાલા 07-11, 14-11) સુરેશભાઈ પુરોહિત. 9825105053

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.